## અમરોલીમાં માનસિક બીમારીથી કંટાળી વેપારીનો આપઘાત

સુરતઃ મૂળ જુનાગઢના વતની અભિષેક નવલ શિલુ (ઉં.વ.29) હાલમાં અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલી મહાદેવ આર.ઓ ફિલ્ટરની દુકાનમાં રહેતો હતો તેમજ તે દુકાન ચલાવી વતનમાં રહેતી માતા સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. અભિષેક છેલ્લા એકાદ વર્ષથી માનસિક બીમારીથી પીડાતો હતો. જેની દવા પણ ચાલુ હતી. સોમવારે રાત્રે અભિષેકે દુકાનમાં પંખા સાથે ફિલ્ટરની નોઝર વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં અભિષેકે માનસિક બીમારીથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## લસકાણામાં રમતી વખતે પાંચમાં માળેથી પટકાતાં એક વર્ષના બાળકનું મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની રામનરેશ નિશાદ હાલ લસકાણા મારુતિ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-2માં આવેલા એક ખાતામાં પરિવાર સાથે રહે છે અને ત્યાં જ ખાતામાં મજૂરી કામ કરે છે. તેમનો એક વર્ષનો પુત્ર શિવાંશ સોમવારે સાંજે ઘરના પાંચમા માળેથી રમતા રમતા નીચે પટકાયો હતો. જેથી તેને ગંભીર ઇજાઓ થઈ હતી. તેને સારવાર માટે કામરેજ સીએચસીમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારના એકના એક પુત્રના મોતથી શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

## ડભોલીમાં 1.20 લાખનો આઈફોન ઝૂંટવી બાઈકર્સ ફરાર

સુરતઃ ડભોલી રોડ સ્થિત સત્યમ પાર્કમાં રહેતા અને હીરા દલાલીનો વ્યવસાય કરતા 29 વર્ષીય હિરક હસમુખભાઈ ઠક્કર 15 જૂન 2026ના રોજ રાત્રે સેફ્રોન સ્કાય બિલ્ડિંગના ગેટ નજીક જાહેર રોડ પર હાજર હતા. આ દરમિયાન એક મોટરસાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના હાથમાં રહેલો એપલ કંપનીનો ફોન ઝૂંટવી લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. જે બાદ યુવાને તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે અજાણ્યા બે ઈસમ સામે ગુનો નોંધી CCTV ફૂટેજ સહિતની વિગતોના આધારે તપાસ હાથ ધરી છે.

## પાલી ગામમાં કરિયાણાની દુકાનની આડમાં ગાંજાનું વેચાણ

સુરતઃ સચીન GIDC પોલીસની ટીમે ચોક્કસ બાતમીના આધારે પાલીગામની 'જય અંબે રેસિડન્સી'ની દુકાન નં-૯ માં રેડ પાડી હતી. ત્યાંથી મૂળ મધ્યપ્રદેશના ૪૪ વર્ષીય આરોપી શૈલેન્દ્ર શ્યામલાલ વિશ્વકર્માની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી ૪,૭૫૦ ની કિંમતનો ૯૫ ગ્રામ ગાંજો અને ૫,૦૦૦ નો મોબાઈલ ફોન મળી કુલ ૯,૭૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે આ જથ્થો અશ્વિનીકુમાર રેલવે પટરી પાસેના એક અજાણ્યા સપ્લાયર પાસેથી લાવ્યો હતો. પોલીસે એન.ડી.પી.એસ.(NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પુણાગામમાં બે વર્ષના બાળકનું તાવમાં મોત

સુરતઃ પુણાગામમાં બે વર્ષના બાળકનું તાવમાં મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની દીપુભાઈ ગુપ્તા હાલમાં પુણાગામમાં આવેલા સુરતીનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તેમના સંતાન પૈકી 2 વર્ષીય પુત્ર ક્રિષ્નાને કાલે તાવ આવ્યા બાદ આજે વહેલી સવારે તેને ઝાડા પણ થવા લાગ્યા હતા. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે ક્રિષ્નાને દાખલ થવાની સલાહ આપી હતી. પરંતુ પરિજનો સારવાર લઈને ઘરે આવી ગયા હતા. ઘરે આવ્યા બાદ અચાનક ક્રિષ્નાની તબિયત લથડતા પરિવારજનો તેને ફરી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ ક્રિષ્નાનું મોત થયું હતું.

# ટ્યુશન બહાર વિદ્યાર્થિનીની છેડતી, બે માથાભારેને જનતાએ આપ્યો મેથીપાક

**હીરાબાગ સર્કલ નજીક અવારનવાર પજવણી થવાની ફરિયાદ ઊઠી હતી**

સુરતઃ વરાછા હીરાબાગ સર્કલ નજીક આવેલા એક ખાનગી ટ્યુશન ક્લાસીસની બહાર વિદ્યાર્થિનીની છેડતી કરી રહેલા બે માથાભારે યુવકોને લોકોના રોષનો સામનો કરવો પડ્યો હતો.

ઉશ્કેરાયેલા ટોળાએ બંને રોમિયોને રસ્તા પર જ દોડાવી દોડાવીને ઢીંબી નાંખ્યા હતા, જેમાંથી એક યુવક તો લોકો સામે રડતાં-રડતાં પગે પડવા માંડ્યો હતો. ફરિયાદીએ ફરિયાદ ન આપતા પોલીસે બંને રોમિયો વિરુદ્ધ અટકાયતી પગલાં લઈ તેમની ધરપકડ કરી છે.

મળતી વિગતો મુજબ, વરાછા રોડ પર હીરાબાગ સર્કલની સામે આવેલા એક કોમર્શિયલ બિલ્ડિંગમાં ખાનગી ટ્યુશન ક્લાસીસ આવેલા છે, છેલ્લા કેટલાક સમયથી બે તત્ત્વો અહીં અવારનવાર આંટાફેરા મારીને ક્લાસે આવતી-જતી દીકરીઓની પજવણી કરતાં હોવાની ફરિયાદ ઊઠી હતી.

આજે પણ આ બંને રોમિયો ક્લાસની બહાર જ જમાવડો કરીને ઊભા હતા. ક્લાસમાંથી બહાર નીકળેલી એક વિદ્યાર્થિનીની પાછળ જઈ આ બંને નરાધમોએ બિભત્સ કોમેન્ટ્સ પાસ કરી છેડતી શરૂ કરી હતી. જોકે, આ વખતે વિદ્યાર્થિની ડરવાના બદલે હિંમત દાખવીને બરાબરનો હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થિની બૂમો સાંભળીને આસપાસના દુકાનદારો અને રાહદારીઓ તાત્કાલિક વહારે દોડી આવ્યાં હતા. જનતાને પોતાની તરફ ધસી આવતી જોઈ બંને છેડતીખોરોએ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સજાગ લોકોએ પીછો કરીને તેમને મુખ્ય રોડ પર જ દબોચી લીધા હતા.

### એક રોમિયો રડતાં-રડતાં પગે પડવા લાગ્યો

ભીડ એકઠી થતાં જ લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ 'દીકરીઓની છેડતી કરશો?' તેમ કહીને બંને યુવક પર લાતો અને મુક્કાઓનો વરસાદ કરી દીધો હતો. જાહેરમાં બરાબરનો મેથીપાક મળતાં જ લુખ્ખાગીરી કરનારા બંને યુવકના હોશ ઊંડી ગયા હતા. તેમાંથી એક યુવક તો જનતાના મારથી બચવા માટે રસ્તા પર જ રડવા લાગ્યો હતો અને હાથ જોડી પગે પડવા માંડ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર પણ જોરદાર વાયરલ થયો છે.

### ટ્રાફિક પોલીસે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો

આ ધમાલ ચાલી રહી હતી ત્યારે જ હીરાબાગ સર્કલ પર ટ્રાફિક ક્લિયર કરાવી રહેલા પોલીસ કર્મચારીઓની નજર આ ઘટના પર પડી હતી. પોલીસે તુરંત જ ટોળાની વચ્ચે કૂદીને બંને યુવકને લોકોના મારથી બચાવ્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. વરાછા પોલીસે ભોગ બનનાર વિદ્યાર્થિનીના માતા પિતાને ફરિયાદ આપવાનું જણાવતા તેઓ ના પાડી હતી. જેથી પોલીસે તેમની પાસે અરજી લઈ બંને રોમિયો વિરુદ્ધ અટકાયતી પગલા ભરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# લખનૌ અગ્નિકાંડ બાદ સ્કૂલો અને કોચિંગ ક્લાસમાં ફાયર સેફ્ટીની તપાસ

**આવતીકાલથી તમામ ઝોનમાં ચકાસણી, આજે કેટલીક શાળાઓમાં મોકડ્રિલ યોજાઈ**

સુરતઃ લખનૌમાં કોચિંગ ક્લાસમાં લાગેલી આગમાં 15 લોકોના મોતની દુર્ઘટનાને પગલે ફાયર વિભાગે શહેરની સ્કૂલો અને કોચિંગ ક્લાસીસમાં ફાયર સેફ્ટીના નિયમોના પાલનની વિશેષ તપાસ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

ફાયર વિભાગ દ્વારા આજે શહેરની કેટલીક શાળાઓમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવા મોકડ્રિલ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફને આગ જેવી આપત્તિ સમયે કેવી રીતે સુરક્ષિત રીતે બહાર નીકળવું અને પ્રાથમિક બચાવ કામગીરી કરવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચીફ ફાયર ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું કે લખનૌની દુર્ઘટના બાદ સાવચેતીના ભાગરૂપે આવતીકાલથી શહેરના તમામ ઝોન વિસ્તારમાં આવેલી સ્કૂલો અને કોચિંગ ક્લાસીસમાં ફાયર સેફ્ટી અંગે વિશેષ તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ દરમિયાન ફાયર એનઓસી, ઇમરજન્સી એક્ઝિટ, ફાયર ફાઇટિંગ સાધનો, એલાર્મ સિસ્ટમ, ઇલેક્ટ્રિકલ સેફ્ટી તેમજ અન્ય જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં ફાયર સેફ્ટીના નિયમોના પાલનમાં ખામી જોવા મળશે ત્યાં જરૂરી સૂચનાઓ આપવામાં આવશે અને ગંભીર બેદરકારીના કિસ્સામાં નિયમ મુજબ કાર્યવાહી પણ કરવામાં આવશે.

### તક્ષશિલા અગ્નિકાંડના ડુસકા હજુ શમ્યા નથી

સુરતમાં વર્ષ 2019માં બનેલા તક્ષશિલા અગ્નિકાંડમાં 22 નિર્દોષ વિદ્યાર્થીઓના મોત થયા હતા. કોચિંગ ક્લાસમાં લાગેલી આગ દરમિયાન બચાવના પૂરતા સાધનો અને સુરક્ષિત બહાર નીકળવાના માર્ગોના અભાવે અનેક વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટના બાદ ફાયર સેફ્ટી અંગે રાજ્યભરમાં કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી. લખનૌની તાજેતરની દુર્ઘટનાએ ફરી એકવાર એ જ પ્રશ્ન ઊભો કર્યો છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કેટલું અસરકારક રીતે થઈ રહ્યું છે.

# ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટે કોન્સ્ટેબલ પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક સેવા આપી



**માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુ. ટ્રસ્ટની સેવાનો 350થી વધુને લાભ મળ્યો**

સુરતઃ વર્ષ 2009થી સમગ્ર ગુજરાતમાં સર્વ જ્ઞાતિના લોકો માટે શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા આપતા ઉમેદવારો માટે વિશેષ નિઃશુલ્ક સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ ભટાર સ્થિત વિશ્વકર્મા મંદિરમાં પરીક્ષાર્થીઓ માટે રહેવા, જમવા તેમજ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવાની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. અંદાજે 250 ભાઈઓ અને 100 જેટલી બહેનોએ લાભ લીધો હતો. સમાજમાં એવી માન્યતા છે કે વિજયભાઈ ભરવાડ શિક્ષણ અને સેવા સંબંધિત કોઈપણ કાર્ય માટે હંમેશા તત્પર રહે છે. તેમની સેવાભાવી કાર્યશૈલીથી પ્રેરાઈ અનેક લોકો માનવસેવાના કાર્યોમાં જોડાઈ રહ્યા છે.



# કચ્છના મુન્દ્રાથી સુરતની ફ્લાઈટને પ્રથમ દિવસે નબળો પ્રતિસાદ મળ્યો

**સુરતથી મુંબઈ અને ગોવાની ફ્લાઇટ બદલે વણ જોઈતી મુન્દ્રાની ફ્લાઇટ ઠઠાડી દેવામાં આવી**

સુરતઃ સુરતથી મુંદ્રાની સ્ટાર એરની ફ્લાઈટને પ્રથમ દિવસે જ નબળો પ્રતિસાદ મળ્યો છે. સ્ટાર એરએ મુન્દ્રા - સુરત અને સુરત- મુન્દ્રા ફ્લાઈટ માટે 76 સિટર વિમાન કામે લગાડ્યું છે. આજે પ્રથમ દિવસે મુન્દ્રાથી સુરત 27 પેસેન્જર આવ્યાં હતા અને સુરતથી મુન્દ્રા માત્ર 36 પેસેન્જર ગયા હતા. એ રીતે કુલ 152 ટિકિટોમાંથી માત્ર 63 ટિકિટ પેસેન્જરોએ ખરીદી હતી. એને લઈ ચર્ચા ચાલી છે કે, આ ફ્લાઈટ કેટલી ચાલશે? એક તરફ સુરત એરપોર્ટથી મેટ્રો સિટીનો સફળ ચાલતી ફ્લાઈટ બંધ થઈ રહી છે, સુરતથી મુંબઈ અને ગોવાની સીધી ફ્લાઈટ આપવાને બદલે વણ જોઈતી મુન્દ્રાની ફ્લાઈટ ઠઠાડી દેવામાં આવી છે.

આ ફ્લાઈટ સપ્તાહમાં 5 દિવસ રવિવાર અને સોમવાર સિવાય ઓપરેટ થશે. નવી સેવા હેઠળ મુન્દ્રાથી સુરત આવતી ફ્લાઈટ નંબર S5-624 સવારે 10:55 કલાકે સુરત એરપોર્ટ પર પહોંચે છે. ત્યારબાદ ફ્લાઈટ નંબર S5-625 સવારે 11:25 કલાકે સુરતથી મુન્દ્રા માટે પ્રસ્થાન કરે છે. મુન્દ્રા બંદર મારફતે આયાત-નિકાસ સાથે સંકળાયેલા વેપારીઓ, લોજિસ્ટિક્સ ક્ષેત્રના ઉદ્યોગકારો, હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વ્યવસાયિક હેતુસર મુસાફરી કરતા લોકો માટે આ ફ્લાઈટ કેટલી સફળ રહેશે? એણે લઈ અત્યારથી ચર્ચાએ જોર પકડ્યું છે.

# અડાજણમાં 15 દિવસમાં એક જ જગ્યા પર ફરી ભૂવો પડ્યો



સુરતઃ રાંદેર ઝોન વિસ્તારમાં અડાજણ ગામ ખાતે સેવેયન બિલ્ડિંગની સામે ફરી એકવાર ભૂવો પડતાં સુરત મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આશરે 15 દિવસ પહેલાં પણ આ જ સ્થળે ભૂવો પડ્યો હતો, જે બાદ મનપા દ્વારા સમારકામ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરીમાં ગુણવત્તાનો અભાવ હોવાના કારણે એ જ સ્થળે ફરી ભૂવો પડ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે અગાઉ કરવામાં આવેલી કામગીરી માત્ર દેખાવ પૂરતી હતી અને સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નહોતું. પરિણામે થોડા જ દિવસોમાં રસ્તો ફરી ધસી પડ્યો છે, જે વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમરૂપ બન્યો છે. સ્થાનિકોએ સમગ્ર મામલે તકનિકી તપાસ કરાવી બેદરકારી દાખવનારા જવાબદાર કર્મચારીઓ, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે જ ભૂવાના મૂળ કારણો શોધી કાયમી સમારકામ કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

# શિક્ષણ સમિતિના અધ્યક્ષે ખાનગી શાળામાં હાજરી આપતાં વિવાદ

**સરકારી શાળાના પ્રવેશોત્સવ વચ્ચે સમિતિ અધ્યક્ષનો ખાનગી સ્કૂલ પ્રેમ ચર્ચામાં**




સુરતઃ એક તરફ સુરત મનપાની શાળાઓમાં ચાલતા પ્રવેશોત્સવમાં બહારથી મહેમાનો આવી રહ્યા છે ત્યારે સુરત મનપાની શિક્ષણ સમિતીના ચેરમેને ખાનગી શાળામાં કાર્યક્રમમાં હાજરી આપતા વિવાદ સર્જાયો છે.

મનપાની સરકારી શાળાઓમાં વધુમાં વધુ બાળકો પ્રવેશ લે અને શિક્ષણ સમિતિની છબી મજબૂત બને એ માટે આખું તંત્ર મેદાનમાં ઊતર્યું હતું, જેમાં મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો અને અધિકારીઓ અલગ-અલગ શાળાઓમાં જઈ બાળકોને આંગળી પકડીને પ્રવેશ અપાવી રહ્યા હતા. બીજી તરફ શિક્ષણ સમિતિના સર્વોચ્ચ પદાધિકારી એવા અધ્યક્ષે પાલિકાની કેટલીક શાળાઓમાં કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ ગાંધીનગરથી આવેલા એક ઉચ્ચ અધિકારી સાથે સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ અને સેન્ટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાના પ્રવેશોત્સવમાં હાજરી આપી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે રાજેન્દ્ર કાપડિયાની પ્રથમ અને મુખ્ય જવાબદારી પાલિકા સંચાલિત શાળાઓને પ્રોત્સાહન આપવાની, વાલીઓમાં સરકારી શિક્ષણ પ્રત્યે વિશ્વાસ વધારવાની અને સમિતિની શાળાઓનું પ્રતિનિધિત્વ કરવાની છે. તેવામાં જે વ્યક્તિ સમગ્ર શહેરની મનપા સંચાલિત શાળાઓનું નેતૃત્વ કરે છે અને સરકારી શિક્ષણને મજબૂત કરવાની જવાબદારી ધરાવે છે, તે જ વ્યક્તિ પ્રવેશોત્સવના દિવસે ખાનગી અંગ્રેજી માધ્યમની શાળાના કાર્યક્રમમાં જોવા મળે તો પ્રશ્નો ઊઠવા સ્વાભાવિક છે.

# વરાછાની શાળાના ક્લાસરૂમમાં વહેલી સવારે AC બ્લાસ્ટથી આગ

**સદભાવના સ્કૂલમાં ધુમાડાથી વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાતા નાસભાગ મચી**

સુરતઃ વરાછામાં સદભાવના સ્કૂલમાં મંગળવારે વહેલી સવારે એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જોકે, કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હતી.

મળતી માહિતી મુજબ, રોજિંદા ક્રમ પ્રમાણે સવારે આશરે પોણા સાત વાગ્યાના અરસામાં શાળાનો સ્ટાફ વર્ગખંડો ખોલી રહ્યો હતો. તે સમયે કેટલાક વિદ્યાર્થીઓ પણ શાળામાં પહોંચી ગયા હતા. આ દરમિયાન એક બંધ ક્લાસરૂમમાં સ્થાપિત એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. આગ સાથે જોરદાર ધડાકો થતાં સમગ્ર શાળા પરિસર ધ્રુજી ઊઠ્યું હતું. ધડાકાના અવાજ બાદ ક્લાસરૂમમાંથી કાળો ધુમાડો બહાર આવવા લાગતા વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો. કેટલાક વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ સુરક્ષિત સ્થળે ખસવાની દોડધામ કરી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં શાળા બહાર એકત્રિત થયા હતા. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા નજીકના ફાયર સ્ટેશનોમાંથી ત્રણ ફાયર ટેન્ડર સાથે ફાયર ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર કર્મચારીઓએ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા બાદ કુલિંગ કામગીરી હાથ ધરી હતી. આગના કારણે ક્લાસરૂમમાં રહેલું એસી, ઈલેક્ટ્રિકલ વાયરિંગ તથા અન્ય સામાનને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ફાયર વિભાગના અધિકારી દિનુ પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં આગનું કારણ એસીમાં થયેલું શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે. ઘટના સમયે વર્ગખંડ ખાલી હોવાથી અને સમયસર પગલાં લેવામાં આવતા મોટી દુર્ઘટના ટળી હતી. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા નોંધાઈ નથી.

### સ્ટાફની બહાદુરીએ ટાળી મોટી હોનારત

સદભાવના સ્કૂલમાં એસીમાં બ્લાસ્ટ થતાં જ આગ ફાટી નીકળ્યા બાદ સ્ટાફે ગભરાયા વિના તરત જ શાળામાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ શરૂ કર્યો હતો. સ્ટાફની સતર્કતા અને ઝડપી કામગીરીના કારણે આગ અન્ય વર્ગખંડોમાં ફેલાતી અટકી હતી અને સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી.


## મચ્છરોની ઉત્પત્તિ રોકવા 559 બાંધકામ અને 134 શાળામાં નોડલ ઓફિસરોની નિમણૂક

સુરતઃ મનપાએ શહેરના બાંધકામોમાં મચ્છરજન્ય પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે 559 નોડલ ઓફિસરની નિમણૂક કરી છે. તેમને મચ્છરની ઉત્પત્તિ રોકવા, જંતુનાશક દવાનો છંટકાવ, ફોગિંગ મશીનના ઉપયોગ અને મજૂરોના આરોગ્યની દેખરેખ અંગે તાલીમ આપવામાં આવી છે. બાંધકામ સ્થળોએ મેલેરિયા પેશન્ટ કાર્ડ (પીળો કાર્ડ) રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. બીજી તરફ શાળાઓમાં પણ ચોમાસા દરમિયાન પાણી ભરાવા અને મચ્છરજન્ય રોગોથી બાળકોને સુરક્ષિત રાખવા માટે શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# કાપોદ્રામાં જુગારધામ પર SMCની રેડ, ૨૧ પકડાયા

**નામચીન નાના પાટીલ અત્યાર સુધી બિનધાસ્ત અડ્ડો ચલાવતો હતો**

સુરતઃ સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ જે.જે. ચાવડાને બાતમી મળી હતી કે કાપોદ્રામાં અક્ષર ડાયમંડ સિટીની બિલકુલ સામે આવેલા 'નેટના પોપડા' નામના ખુલ્લા મેદાનમાં મોટા પાયે જુગારનો અડ્ડો ચાલી રહ્યો છે. પોલીસે અચાનક આખાય મેદાનને ચારેય તરફથી ઘેરી લીધું હતું. પોલીસને જોતાં જ જુગારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી, પરંતુ તકેદારીપૂર્વક ગોઠવાયેલા સ્ટાફે સ્થળ પરથી ૨૧ આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસે જુગાર રમતા શખ્સો પાસેથી રોકડા રૂપિયા ૧,૩૧,૨૧૦ રૂપિયા કબ્જે કરવાની સાથે મુખ્ય સૂત્રધાર નાનુભાઈ પાટીલ સહિત બે ને વોન્ટેડ જાહેર કર્યા હતા.



### રાઇટરોને રોજની ૮૦૦ રૂપિયા મજૂરી મળતી હતી

પકડાયેલા મુખ્ય રાઇટર નાસિરમિયા મહમ્મદમિયા શેખ (રહે. ભેસ્તાન) ની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આ જુગારધામ લિમ્બાયતનો નાનુ ઉર્ફે નાનાભાઈ પાટીલ ચલાવે છે. તે તમામ રાઇટરોને રોજની રૂ. ૮૦૦/- મજૂરી આપતો હતો અને દિવસના અંતે જુગારનો તમામ હિસાબ મેળવતો હતો. પોલીસની રેઇડ દરમિયાન એક અજાણ્યો ગ્રાહક પોતાનો ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન મૂકીને નાસી ગયો હતો.

### આંકડા લખાવવા ગેમ્બલરો આવ્યા હતા

પકડાયેલા મુખ્ય આરોપીઓમાં નાસિરમિયા શેખ, સંતોષ પાટીલ, મુકેશ દેવિપુજક, સુનીલ ઠાકરે, હરીશ પટેલ, ધનસુખ પટેલ, મોહમ્મદ ઈરફાન શેખ, મગન પવાર, આનંદ ભિલાડે, હરીભાઈ ગઢીયા, નાગજીભાઈ પરમાર તેમજ અન્ય જુગાર રમવા આવેલા ગ્રાહકોનો સમાવેશ થાય છે. આ આરોપીઓ સુરત, કામરેજ, નવસારી અને ભરૂચ જિલ્લાના હોવાનું બહાર આવ્યું છે સ્ટેટ મોનિટરિંગ સેલે ગુજરાત જુગાર અટકાયત અધિનિયમની કલમ ૧૨(અ) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ કાપોદ્રા પોલીસને સોંપી છે.

### પકડાયેલા ગેમ્બલરોનાં નામ

**1.** નાસિરમિયા મહમ્મદમિયા શેખ (રહે. તિરૂપતીનગર, ઉન પાટીયા, ભેસ્તાન) **2.** સંતોષ ખુબા પાટીલ (રહે.શિવકૃપા સોસાયટી, સંજયનગર, લિંમ્બાયત) 3. મુકેશ દેવિપુજક (રહે. કોસાડ આવાસ, અમરોલી) **4.** સુનીલ ઠાકરે (ચિંતામન ઠાકરે) (રહે.જુની આંબાવાડી, લાભેશ્વર ચોક, વરાછા, સુરત) **5.** હરીશ પટેલ (રહે. શિવમ સોસાયટી, સંગમ ચોકડી, ભેસ્તાન) **6.** ધનસુખ પટેલ (રહે.ગામ-આંતલીયા, ગ્રામ પંચાયત સામે, તા. ગણદેવી, જી. નવસારી) **7.** ઈરફાન યુનુસ શેખ (રહે.ફલીયુ આલીડેગીવાડ, પાંચબત્તી ઢાળ, કોંવેટ સ્કુલ, ભરૂચ) **8.** મગન પવાર ઘ.નં. (રહે, જયરાજનગર સોસાયટી, નિલગીરી ફાટક, ડીંડોલી) **9.** આનંદ ભિલાડે(રહે. શિવકૃપા સોસાયટી, સંજયનગર પાસે, લિમ્બાયત) **10.** હરી ગઢીયા (રહે. વેદભુમિ સોસાયટી, ABC મોલ પાસે, કામરેજ) **11.** નાગજી પરમાર (રહે. સહયોગ પાર્ક સોસાયટી, અમરોલી ચાર રસ્તા) **12.** મધુ પરીડા (રહે. રવીપાર્ક સોસાયટી, મુરઘાકેન્દ્ર પાસે, કાપોદ્રા) **13.** દયાળ લાઠીયા (રહે. શિવમ પેલેસ, લિબર્ટી સામે, ઉત્રાણ) **14.** જયદિપઈ સોલંકી (રહે, ગોકુલમ એપાર્ટમેન્ટ, ઉધ્યોગનગર, કામરેજ) **15.** હસમુખ વેગડ (રહે. રવિપાર્ક સોસાયટી, મુરઘાકેન્દ્ર, કાપોદ્રા) **16.** સંતોષ રાને(રહે. સંજયનગર, નિલગીરી સર્કલ પાસે, લિમ્બાયત) **17.** હિમ્મત વાઘેલા (રહે, ગોકુળનગર સોસાયટી, વિભાગ-૦૧, રચના સર્કલ પાસે, કાપોદ્રા) **18.** યોગેશ રાને (રહે, ગોકુલનગર સોસાયટી, વિભાગ-૦૧, રચના સર્કલ પાસે, કાપોદ્રા) **19.** મેહુલ ચૌહાણ (રહે. પ્રભુદર્શન સોસાયટી, પુણાગામ) **20.** મધુ ગોહેલ (રહે. સુર્યકિરણ એપાર્ટમેન્ટ, કમલપાર્ક સોસાયટી, કાપોદ્રા) **21.** પંકજ સોલંકી (રહે. શુભનંદની સોસા, વિ.-૦૧, ડુંગરા રોડ, કામરેજ)

# કરોડોનું ફૂલેકું ફેરવી દુકાન ખાલી કરતો ઠગ વેપારી ઝડપાયો

**ભટારમાં ગઠિયો બે વેપારીનો રૂ.૧.૧૬ કરોડનો માલ ઓળવી જઈ કટોકટીના સમયે ભાગવાની પેરવીમાં હતો**

સુરતઃ ભટાર ચાર રસ્તા પાસે કરોડોનું ફુલેકું ફેરવીને દુકાન ખાલી કરી ભાગી જતો ગઠિયો પકડાયો હતો.

રાંદેર તાડવાડી ખાતે રહેતા અને સલાબતપુરામાં 'અક્ષત કેબલ ફર્મ' ધરાવતા ભાવેશભાઈ ભોગીલાલ શાહ (ઉં.વ.૫૩) સાથે વેસુના પાલ્મ એવન્યુમાં રહેતા આરોપી જયેશ માંગીલાલ રાકાએ વેપારી સંબંધો કેળવ્યા હતા. આરોપી જયેશે માર્ચ ૨૦૨૬થી મે ૨૦૨૬ દરમિયાન ભાવેશભાઈ પાસેથી રૂ.૧.૦૩ કરોડથી વધુનો સામાન ખરીદ્યો હતો, જેમાંથી માત્ર રૂ.૨૨.૯૯ લાખ ચૂકવી બાકીના રૂ.૮૦.૫૪ લાખ ઓળવી ગયો હતો. આરોપીએ ભાવેશભાઈના મિત્ર અને ઉધનામાં 'ન્યુ નાકોડા' નામે દુકાન ધરાવતા જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ કર્ણાવત પાસેથી પણ રૂ.૭૮.૮૬ લાખનો માલ ખરીદી રૂ.૩૯.૩૯ લાખનું પેમેન્ટ ચૂકવ્યું ન હતું. બાકી રકમ માટે વેપારીઓએ જ્યારે ઉઘરાણી કરી ત્યારે જયેશ રાકા ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવા લાગ્યો હતો. આખરે ભાવેશભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગુનો દાખલ થતાં જ હરકતમાં આવેલી પોલીસે તપાસ આદરી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે આરોપી ભટાર સ્થિત પોતાની દુકાનમાંથી માલસામાન રફેદફે કરી પલાયન થવાની ફિરાકમાં છે. સલાબતપુરા પોલીસે સમય સૂચકતા વાપરી ત્વરિત જયેશ રાકાને મુદ્દામાલ સાથે પકડી લીધો હતો.